# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-07-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- દક્ષિણ ગુજરાતમાં બારે મેઘ ખાંગા, નર્મદાના ગરૂડેશ્વર 16 ઇંચ, ઉમરપાડામાં 15 ઇંચ વરસાદ ખાબક્યો
- દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના કેટલાંક ભાગોમાં આવતીકાલે ભારે વરસાદને પગલે રેડ અલર્ટ જાહેર
- રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરમ વાઇરસને કારણે 6 બાળકોનાં મૃત્યુ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે લોકોને સતર્ક રહેવા જણાવ્યું
- રાજ્યના GST સેવા કેન્દ્રો ખાતે ફેસ ઓથેન્ટિકેશનથી આધાર બેઈઝ્ડ આઇડેન્ટિટી વેરીફિકેશનનો પ્રારંભ થયો.
- અને આજે યુવા કૌશલ્ય દિવસ નિમિત્તે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં વિજેતા બનેલા રાજ્યના યુવાનોને સમ્માનિત કરાયા

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## GUJ WEATHER

રાજ્યમાં વિરામ બાદ ફરી એકવાર ભારે વરસાદને પગલે અનેક જિલ્લાઓમાં જળબંબાકાર જેવી સ્થિતિ છે. દરમિયાન હવામાન વિભાગે આવતીકાલ માટે કેટલાક જિલ્લાઓમાં રેડ અલર્ટ જાહેર કર્યું છે. જે અનુસાર દક્ષિણ ગુજરાતના છોટાઉદેપરુ, નર્મદા, ભરુચ, સુરત, નવસારી, વલસાડ, દમણ, તેમજ દાદારનગર અને હવેલીમાં રેડ અલર્ટની સ્થિતિ છે. 17 જુલાઈના રોજ આ જિલ્લાઓમાં ભારે વરસાદના જોતા ઑરેન્જ અલર્ટ જાહેર છે.

આગામી બે દિવસમાં દક્ષિણ ગુજરાત ઉપરાંત ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણઁદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, ગાંધીનગર, અરવલ્લી, ખેડામાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

આ તરફ સૌરાષ્ટ્રમાં પણ આગામી બે દિવસમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, મોરબી, દ્વારકા, ગીર, સોમનાથ, બોટાદ, તેમજ કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી  છે.

--------

## RAIN OVER ALL - 1

છેલ્લા 24 કલાકમાં દક્ષિણ ગુજરાતના અંતરિયાળ ભાગોમાં બારેમેઘ ખાંગા થયા છે. રાજ્યમાં સૌથી વધુ વરસાદ નર્મદા જિલ્લાના ગરુડેશ્વરમાં 16

ઇંચ, ઉપરાંત સુરતના ઉમરપાડામાં 15 ઇંચ, સુરત જિલ્લામાં 13, અરવલ્લીના મોડાસામાં 9, દાહોદમાં 7 ઇંચ વરસાદ ખાબક્યો. સુરતમાં વરસાદની સ્થિતિ વિશે વધુ માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ લોપા દરબાર

( BYTE - LOPA DARBAR, SURAT, VOICE CAST )

ભરૂચના નેત્રંગમાં 5 ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જિલ્લાના અંતરિયાળ ભાગોમાં બે થી ચાર ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. આ વિશે વધુ જાણીએ અમારા પ્રતિનિધિ વાહિદ મશિદ્દી પાસેથી

(BYTE - VAHID MASHHADI, BHARUCH, VOICE CAST )

તો વલસાડમાં વરસાદ વિશે વધુ માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ નવીન પટેલ....

(BYTE – NAVIN PATEL, VALSDA, VOICE CAST)

આરવલ્લી જિલ્લાના મોડાસામાં 9 ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો, વધુ માહિતી આપી રહ્યા છે અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ

(BYTE – ANKIT CHAUHAN, ARAVALLI, VOICE CAST )

...................................

# RAIN OVER ALL - 2

તો બપોરબાદ અમદાવાદ અને આસપાસના જિલ્લાઓમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. અમદાવાદ શહેરમાં બપોરે અચાનક વાદળો ઘેરાતા અંધારપટ જેવી સ્થિતિ સર્જાઈ હતી. અંદાજે એક કલાક સુધી ધોધમાર પડેલા વરસાદને પગલે શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા ઠેર ઠેર ટ્રાફિકના પ્રશ્નો સર્જાયા હતા. ખાસ કરીને અમદાવાદ પૂર્વના, હાટકેશ્વર, ખોખરા, ઓઢવ, હીરાવાડી, બાપુનગર, કુબેરનગર, સરદારનગર એરપોર્ટ વિસ્તાર ઉપરાંત ચાંદખેડા, સાબરમતી વિસ્તારમાં પાણી ભરાયાં હતા. મેમ્કો-નરોડા વિસ્તારમાં કલાકમાં જ બે ઇંચ વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદને પગલે મીઠાખળી અઁડરપાસ સહિતના કેટલાક અંડરપાસ બંધ થઈ ગયા હતા. શહેરના આશ્રમરોડ, ઉસ્માનપુરા, જમાલપુર, લાલદરવાજા, પાલડી, ઇન્કમટેક્સ, વાડજ, રિવરફ્રન્ટ સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો.

આ તરફ ગાંધીનગર ઉપરાંત વાવોલ, કુડાસણ, સરગાસણ, સહિતના વિસ્તારોમાં વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાયા હતા.

તો પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે પંચમહાલ જિલ્લામાં ગત મધ્યરાત્રી થી વરસાદનો પ્રારંભ થયો હતો. જિલ્લાના ગોધરામાં 38, શહેરામાં 16, ઘોઘંબામાં 20 મીલીમીટર જેટલો વરસાદ નોંધાયો હતો. ગોધરાના નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાતા રાહદારીઓ તેમજ વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો.

મહિસાગર જિલ્લામાં લાંબા વિરામ બાદ સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો. જિલ્લાના લુણાવાડા, ખાનપુર, વીરપુર તાલુકાના શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં મુશળધાર વરસાદ વરસ્યો.

મહિસાગાર જિલ્લામાં અમારા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે જિલ્લાના મુખ્ય મથકમાં 1 ઇંચ કરતા વધુ વરસાદ પડ્યો હતો. વરસાદને કારણે મકાઈ, તુવેર અને અન્ય ચોમાસુ પાકને જીવત દાન મળ્યું.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, પાટણ શહેરમાં બપોરે બાદ ઠેર ઠેર વરસાદ પડતા પરિવહન સેવાને અસર થવા પામી હતી.

સાબરકાંઠા જિલ્લાના પ્રતિનિધિ યોગેશ સાથવારા જણાવે છે કે, જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. વરસાદી માહોલને પગલે ચોતરફ લીલોતરી છવાઈ ગઈ છે.

સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં પણ વરસાદી માહોલ જામ્યો છે. લીંબડી, વઢવાણ, લખતર, સુરેન્દ્રનગરમાં વરસાદને પગલે ઠેર ઠેર પાણી ભરાયા હતા.

તો દાહોદ જિલ્લામાં ગઈકાલ રાતથી મેઘ મહેર શરૂ થઈ છે. દાહોદ જિલ્લાના અમારા પ્રતિનિધિ પ્રેમશઁકર કડિયાના જણાવ્યા પ્રમાણે જિલ્લામાં સરેરાશ 5 ઇંચ જેટલા વરસાદ પડ્યો છે.

આમ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના ઘણાં ખરાં ભાગોમાં ભારે વરસાદ જોવા મળ્યો. જે આગામી બે દિવસ યથાવત રહે તેવી હવામાન વિભાગની આગાહી છે.

------------------

## CHANDIPURAM DISEASE

રાજ્યમાં ચાંદીપુરમ વાઇરસના વધતા કેસોને પગલે રાજ્ય સરકારે ત્વરિત કાર્યવાહી શરૂ કરી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે એક નિવેદનમા જણાવ્યું કે ચાંદીપુરમ વાઇરસ એટલે કે એન્કેફેલાઇટીસ રોગના કેસો ઝડપથી વધી રહ્યા છે. ચાંદીપુરમના 6 શંકાસ્પદ દર્દીઓના મોત થયા હોવાનું આરોગ્યમંત્રીએ જણાવ્યું.

(BYTE – RISHIKESH PATEL )

રાજ્યના આરોગ્ય વિભાગે આગોતરા પગલાના ભાગ રૂપે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન તપાસ શરૂ કરી છે. અત્યાર સુધીમાં કુલ 4 હજાર 487 ઘરોમાં 18 હજાર 646 લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી છે. જ્યારે 2 હજારથી વધુ ઘરોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરાયો છે.

અરવલ્લી જિલ્લામાં આ શંકાસ્પદ વાઇરસને કારણે વધુ બે બાળકોના મોત થયાની આશંકા છે. જ્યારે એક બાળક સારવાર હેઠળ છે. અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અઁકિત ચૌહાણ જણાવે છે કે સરહદીય ગામોમાં મોટાભાગના કેસ નોંધાઈ રહ્યા છે. મેઘરજ અને ભિલોડા તાલુકાના અંદાજે ત્રીસથી વધારે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય તપાસ હાથ ધરાઈ છે. ઉલ્લેખનીય છે કે દેશમાં 1965માં ચાંદીપુરમ વાઇરસનો સૌ પ્રથમ કેસ નોંધાયો હતો. સમયાંતરે ગુજરાતમાં પણ તેના કેસ નોંધાતા રહ્યા છે.

.................................

**GST - Kanubhai Desai**

રાજ્યના GST સેવા કેન્દ્રો ખાતે ફેસ ઓથેન્ટિકેશનથી આધાર બેઈઝ્ડ આઇડેન્ટિટી વેરીફિકેશનનો પ્રારંભ થયો છે.

અમદાવાદ ખાતેથી નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ આધાર બેઈઝ્ડ આઇડેન્ટિટી વેરીફિકેશન માટેની ફેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશનનો શુભારંભ કરાવ્યો.

રાજ્ય કર ભવન, અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં બોલતા શ્રી દેસાઇએ જણાવ્યું કે, આ સેવાની શરૂઆત થતાં નવા નોંધણી નંબર મેળવવા ઇચ્છતા અરજદારોને રૂબરૂ બોલાવીને તેઓના પુરાવાઓની ખરાઈ કરીને નોંધણી નંબર આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે કહ્યું કે, ફેસ ઓથેન્ટિકેશન દ્વારા GST નોંધણી સાથે સંકળાયેલી ગેરરીતિઓ અને બોગસ બિલિંગની પ્રવૃત્તિઓને ડામવામાં સફળતા મળશે. અને અરજદારોને હવે ઝડપથી અને સરળતાથી GST નોંધણી નંબર મળશે.

----------------------------

## World Youth Skill Day

ગાંધીનગર ખાતે શ્રમ - રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે વિશ્વ યુવા કૌશલ્ય દિવસ નિમિત્તે વિવિધ નેશનલ કક્ષાની સ્પર્ધાઓના વિજેતાઓને ચંદ્રક, ચેક અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા. રાજ્ય કક્ષાના 23 વિજેતા ઉમેદવારોને મંત્રીશ્રીના હસ્તે ચેક અને પ્રમાણપત્ર તથા 12 નેશનલ કક્ષાનાં વિજેતાઓને ચંદ્રક અને પ્રમાણપ્રત્ર વિતરણ કરવામાં આવ્યા. રાજયના યુવાઓમાં કૌશલ્ય શિક્ષણ પ્રત્યે અભિગમ કેળવાય અને રૂચિ વધે તે માટે યોજવામાં આવેલ ઇન્ડિયા સ્કીલ સ્પર્ધા-2024મા રાજ્ય

કક્ષાએ ગુજરાતના 2 સ્પર્ધકોને સુવર્ણ, 2 સ્પર્ધકોને રજત, 2 સ્પર્ધકોને કાંસ્ય ચંદ્રક તેમજ 7 સ્પર્ધકોને મેડલ ઓફ એક્સેલન્સ એમ કુલ 13 સ્પર્ધકોએ ચંદ્રક પ્રાપ્ત થયા છે.

ઉલ્લેખનીય છે કે, સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભા દ્વારા 15 જુલાઈને "વિશ્વ યુવા કૌશલ્ય દિવસ" તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે. આ વર્ષે "શાંતિ અને વિકાસ માટે યુવા કૌશલ્ય" ના વિષયવસ્તુ સાથે આ દિવસની ઉજવણી થઈ રહી છે.

-------------------